અપીલ અરજી નં.૯૯ તા.૩–૬ –૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નીલાબેન જયેશભાઈ પ્રજાપતી
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નીલાબેન જયેશભાઈ પ્રજાપતીની તા.૨૫–૩–૧૧ ની અરજીથી તા.૨૨–૨–૧૧ ના રોજ મોજે ભટાર ટી.પી. સ્કીમ નં.૬ રે.સ.નં.૫૧ પૈકી ફા.પ્લોટ નં.૩૦૧ વાળી મિલકતમાં આવેલ વિનાયક એપાર્ટમેન્ટને લગતી અરજી કરેલ છે. સદર અરજીને લગતી આપશ્રી ધ્વારા કરવામાં આવેલ તપાસ તથા કાર્યવાહી અંગેની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૩–૬–૧૧ ની **SMC/FAP/** નં.૯૯/૨૦૧૧–૧૨

શ્રી નીલાબેન જયેશભાઈ પ્રજાપતીની તા.૨૫–૩–૧૧ ની અરજીથી તા.૨૨–૨–૧૧ ના રોજ મોજે ભટાર ટી.પી. સ્કીમ નં.૬ રે.સ.નં.૫૧ પૈકી ફા.પ્લોટ નં.૩૦૧ વાળી મિલકતમાં આવેલ વિનાયક એપાર્ટમેન્ટને લગતી અરજી કરેલ છે. સદર અરજીને લગતી આપશ્રી ધ્વારા કરવામાં આવેલ તપાસ તથા કાર્યવાહી અંગેની માહિતિ આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતિ અધિકારી (અઠવા ઝોન) ના પત્ર નં.સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/૯૯ તા.૨૬–૪–૧૧ થી આપેલ માહિતિ અધુરી અને સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે તા.૨૨–૨–૧૧ ની અરજી અંગે કરેલ કાર્યવાહીની વિગતો સહ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૧૪ તા.૭–૬–૧૧ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા અરજદારનેઅપીલ અરજીમાં તા.૨૨–૨–૧૧ ની અરજીની નકલ સહ,મળેલ માહિતી અધૂરી–સંતોષકારક ન હોવાના દાવાના સમર્થનમાં આધાર સહ સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૨૬૦ તા.૧૪–૬–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૯૧૯ તા.૨૮–૩–૧૧ ના પત્રથી જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારનો તા.૨૨–૨–૧૧ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી શહેર વિકાસના પત્ર નં.ટીડીઓ/૨૧૫૮ તા.૨૪–૮–૦૯ થી જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ , અરજદાર નીતિનભાઈ અંબાલાલ પ્રજાપતિને પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/ આ.નં.૪૪ તા.૧૦–૯–૦૯ થી અરજદારને આપેલી માહિતી અંગેના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૯૯ તા.૨૬–૪–૧૧ના પત્રની નકલ તથા તેની એકનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૨–૨–૧૧ ના પત્રની નકલ અત્રે મોકલેલ છે.

અરજદાર તરફથી તા.૨૫–૩–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૯૧૯ તા.૨૮–૩–૧૧ ના પત્રથી જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને તબદીલ કરેલ. જે અરજદારે માહિતી અધૂરી અને સંતોષકારક ન હોવાનું જણાવી તા.૩–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આ.નં.૯૯ તા.૨૬–૪–૧૧ થી " શહેર વિકાસ વિભાગની માહિતી અન્વયે આ અગાઉ આપશ્રીને અત્રેના સા.વે.ઝોન/અઠવા) ના પત્ર નં.૪૪ તા.૧૦–૯–૦૯ થી માહિતી પૂરી પાડેલ છે. વધુમાં અઠવાઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં સદરહુ મિલ્કતમાં ગટર જોડાણ મેળવવામાં આવેલ હોય તેવી કોઈ માહિતી અઠવાઝોનની કચેરીએ ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. અરજદારે તા.૨૨–૨–૧૧ ની અરજીનો પત્ર રજૂ કરેલ. જેનો જવાબ મળેલ નથી જેથી માહિતી અધૂરી અને અસંતોષકારક છે તેવું જણાવેલ. જેના અનુસંધાને અરજદારને માહિતી અધૂરી–સંતોષકારક ન હોવાના દાવાના સમર્થનમાં આધાર પુરાવા હોય તો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. તેમ છતાં અરજદાર તરફથી તેવા આધાર પુરાવા અત્રે મળેલ નથી.પરંતુ અરજદારની મુખ્ય માહિતી માંગતી માંગણી ૨૨–૨–૧૧ના રોજ તેમણે કરેલ અરજી અંગે કરવામાં આવેલ તપાસ તથા કાર્યવાહીને લગતી છે. જાહેર માહિતી અધિકારીએ રજુ કરેલ સમગ્ર પુરક વિગતો જોતાં ૨૬–૪–૧૧ના રોજ આપેલ માહિતીમાં તે અંગે કોઈ જ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. તેમણે આપેલ પ્રત્યુત્તરમાં ૨૨–૨–૧૧થી આપેલ માહિતી તા.૧૦–૯–૦૯થી પુરી પાડેલ છે તે પ્રથમ દર્શીય રીતે તર્કબધ્ધ અને સુસંગત નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૦૩–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પુરી પડાયેલ હોઈ અરજદારની તા.૨૨–૨–૧૧ની અરજી અંગે થયેલ તપાસ અને કાર્યવાહીને લગતી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ –૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં અરજદારને પુરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૭–૨૦૧૧

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી નીલાબેન જયેશભાઈ પ્રજાપતી,